# જય આદ્યા શક્તિ આરતી

જય આદ્યા શક્તિ માઁ જય આદ્યા શક્તિ
અખંડ બ્રહ્માંડ દીપાવ્યા,(૨) પડવે પ્રકટ્યા માઁ ...
ઓમ જયૐ જયૐ માઁ જગદંબે.

દ્વિતીયા બેવ સ્વરૂપ, શિવ શક્તિ જાણું માઁ (૨)
બ્રહ્મા ગણપતિ ગાવે (૨), હર ગાયે હર માઁ ...
ઓમ જયૐ જયૐ માઁ જગદંબે.

તૃતિયા ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠા માઁ (૨)
ત્રયા થકી તરવેણી (૨), તું તરવેણી માઁ ...
ઓમ જયૐ જયૐ માઁ જગદંબે.

ચોથે ચતુરા મહાલક્ષ્મી માઁ, સચરાચર વ્યાપ્યા માઁ (૨)
ચાર ભૂજા ચૌ દિશા (૨), પ્રકટ્યા દક્ષિણમાં ...
ઓમ જયૐ જયૐ માઁ જગદંબે.

પંચમે પંચ ઋષિ પંચમી ગુણ પદ્મા માઁ પંચમી (૨)
પંચ તત્વ ત્યાં સોહીએ (૨), પંચે તત્વોમાં ...
ઓમ જયૐ જયૐ માઁ જગદંબે.

www.gujaratsahay.com

ષષ્ઠી તું નારાયણી, મહિષાસુર માર્યો માઁ (૨)
નર નારીના રૂપે (૨), વ્યાપ્યા સર્વે માઁ ...
ઑમ જયૐ જયૐ માઁ જગદંબે.

સપ્તમી સપ્ત પાતાલ, સાવિત્રી સંધ્યા માઁ (૨)
ગૌ ગંગા ગાયત્રી (૨), ગૌરી ગીતા માઁ ...
ઑમ જયૐ જયૐ માઁ જગદંબે.

અષ્ટમી અષ્ટ ભૂજા, આઈ આનંદા માઁ (૨)
સુરનર મુનીવર જનમ્યા (૨), દેવ દૈત્યોમાં ...
ઑમ જયૐ જયૐ માઁ જગદંબે.

નવમી નવકુળ નાગ, સેવે નવદુર્ગા માઁ (૨)
નવરાત્રીના પૂજન, શિવરાત્રીના અર્ચન, કીધા હર બ્રહ્મા ...
ઑમ જયૐ જયૐ માઁ જગદંબે.

દશમી દશ અવતાર, જય વિજયા દશમી માઁ (૨)
રામે રામ રમાડ્યા (૨), રાવણ રોળ્યો માઁ ...
ઑમ જયૐ જયૐ માઁ જગદંબે.

www.gujaratsahay.com

એકાદશી અગિયારસ, કાત્યાયની કામા માઁ (૨)
કામદુર્ગા કાલિકા (૨), શ્યામા ને રામા ...
ઑમ જયૐ જયૐ માઁ જગદંબે.

બારસે બાળા રૂપ, બહુચરી અંબા માઁ (૨)
બટુક ભૈરવ સોહીએ (૨), કાળ ભૈરવ સોહીએ, તારા છે તુજ મા ...
ઑમ જયૐ જયૐ માઁ જગદંબે.

તેરસે તુળજા રૂપ, તમે તારુણી માતા માઁ (૨)
બ્રહ્મા વિષ્ણુ સદાશીવ (૨), ગુણ તારા ગાતાં ...
ઑમ જયૐ જયૐ માઁ જગદંબે.

ચૌદશે ચૌદ સ્વરૂપ, ચંડી ચામુંડા માઁ (૨)
ભાવ ભક્તિ કંઇ આપો, ચતુરાઇ કંઇ આપો, સિંહવાહીની માઁ ...
ઑમ જયૐ જયૐ માઁ જગદંબે.

પૂનમે કુંભ ભર્યો, સાંભળજો કરુણા માઁ (૨)
વશિષ્ઠ દેવે વખાણ્યા, માર્કંડ દેવે વખાણ્યા, ગાઈ શુભ કવિતા ...
ઑમ જયૐ જયૐ માઁ જગદંબે.

www.gujaratsahay.com



સંવત સોળ સત્તાવન, સોળસે બાવીસ માઁ (૨)
સંવત સોળે પ્રગટ્યા (૨), રેવાને તીરે, માઁ ગંગાને તીરે ...
ઑમ જયઊઁ જયઊઁ માઁ જગદંબે.

ત્રંબાવટી નગરી, માઁ રૂપાવટી નગરી માઁ મંછાવટી નગરી
સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ (૨), ક્ષમા કરો ગૌરી, મા દયા કરો ગૌરી ...
ઑમ જયઊઁ જયઊઁ માઁ જગદંબે.

શિવશક્તિની આરતી જે કોઇ ગાશે, માઁ જે ભાવે ગાશે
ભણે શિવાનંદ સ્વામી, સુખ સંપત્તિ થાશે,
હર કૈલાસે જાશે, માઁ અંબા દુઃખ હરશે ...
ઑમ જયઊઁ જયઊઁ માઁ જગદંબે.

એકમ એક સ્વરૂપ, અંતર નવ ધરશો માઁ (૨)
ભોળા ભવાનીને ભજતાં (૨), ભવસાગર તરશો ...
ઑમ જયઊઁ જયઊઁ માઁ જગદંબે.

ભાવ ન જાણું ભક્તિ ન જાણું નવ જાણું સેવા માઁ (૨)
વલ્લભ ભટ્ટ ને રાખ્યા (૨), ચરણે સુખ દેવા ...
ઑમ જયઊઁ જયઊઁ માઁ જગદંબે.



www.gujaratsahay.com



માઁ નો  મંડપ લાલ ગુલાલ શોભા બહુ સારી માઁ (૨)
કુકડ કરે છે કિલ્લોલ (૨), તુજ ચરણે માડી ...
ઑમ જયૐ જયૐ માઁ જગદંબે.

જય બહુચર બાળી, માઁ જય બહુચર બાળી
આરાસુર માં અંબા (૨), પાવાગઢ કાલી ...
ઑમ જયૐ જયૐ માઁ જગદંબે.

યા દેવી સર્વ ભુતેષુ માતૃ રૂપેણ સંસ્થિતા
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ

|| બોલો શ્રી અંબે માત કી જય ||



www.gujaratsahay.com